# ગાંધીનગર દત્તમંદિરમાં ઉજવાયેલ ૨૬મા પાટોત્સવની એક ઝલક

શ્રી દત્તમંદિર–ગાંધીનગર, ચાલુ વર્ષે ૨૫વર્ષ પૂર્ણ કરી ૨૬મા વર્ષમાં પ્રવેશે છે. આ રજતજયંતિ વર્ષ ઉપક્રમે તથા અવધૂતી આનંદ ભજન સંગ્રહને ૮૦વર્ષ પૂર્ણ થતા હોઇ તા–૨૭/૬/૨૦૧૦ રવિવાર થી તા–૪/૭/૨૦૧૦ રવિવાર દરમિયાન વિવિધ કાર્યક્રમોના આયોજન સાથે પાટોત્સવ યોજાઇ ગયો. જેમાં સમગ્ર સપ્તાહ દરમિયાન દરરોજ રાત્રે અવધૂતી આનંદના પસંદ કરેલા ભજનો ગાયક ભક્તશ્રી ગાય અને વિદ્વાન ભક્ત દ્વારા તેનો રસાસ્વાદ કરાવવામાં આવતો હતો.

જેમાં ગાયક ભક્ત તરીકે,શ્રી સુરેશભાઇ દેસાઇ–નારેશ્વર, શ્રી વિપુલભાઇ ત્રિપાઠી–અમદાવાદ, શ્રી ભરતભાઇ મહંત–વડોદરા, પ્રા.કુલીનભાઇ ઉપાધ્યાય– અમદાવાદ, શ્રીમતી અંજલીબેન પરાંજપે– અમદાવાદ, શ્રીમતી પ્રિયાબેન દેવઘર–મહેસાણા, કુ.પૂજાબેન પરાંજપે– અમદાવાદ,શ્રી ભરતભાઇ રાવ–ભરૂચ, શ્રી દિલીપભાઇ સોની અને શ્રીમતી આશાબેન સોની–નવસારી વગેરેએ ભજનોને લય–રાગબધ્ધ રીતે ગાઇ સંભળાવ્યાં.

સુમધુર કંઠે ગાયેલા ભજનોનો રસાસ્વાદ પ્રા.નવીનભાઇ પાઠક–નારેશ્વર, શ્રી ઘનસુખભાઇ પટેલ–વલસાડ, ડૉ.શ્રુતિબેન ત્રિવેદી–વડોદરા, પ્રા.કુલીનભાઇ ઉપાધ્યાય– અમદાવાદ, પૂ.શ્રી વિરંચીભાઇ શાસ્ત્રીજી–તિલકવાડા, ડૉ.સુભાષભાઇ દવે–વડોદરા અને ડૉ.અશ્વિનભાઇ કાપડીયાએ કરાવ્યો હતો.
ડૉ.અશ્વિનભાઇ કાપડીયાએ ભજનની રચના કયા સ્થળે કેવા પ્રસંગે બાપજીએ કરી તે સાથે બાપજી ભજન દ્વારા શું સમજાવવા માંગે છે તેનું રસપાન કરાવ્યું. પ્રા.કુલીનભાઇએ પોતેજ ભજન ગાયા અને તેનું રસપાન કરાવ્યું હતું.

પાટોત્સવની શ રૂઆત ગણેશ યાગથી થઇ અને પાંચમા દિવસે દત્તયાગ થયો હતો. આ બંનેના આચાર્ય તરીકે શ્રી મહેશભાઇ પાઠક–કાયાવરોહણ તથા પૂર્ણાહૂતી દત્તબાવની સ્વાહાકારથી થઇ, તેના આચાર્ય હતા શ્રી સર્વદમનભાઇ દેસાઇ–નારેશ્વર. દત્તયાગ દરમિયાન પૂ.શ્રી પ્રેમ અવધૂતજીએ ઉપસ્થિત રહી સહુને આશીર્વાદ આપ્યા. પૂજ્ય પ્રેમ બાપુજીના હસ્તે બાળકોને નોટો, ચોપડા અને પેન્સિલનું વિતરણ કરાવ્યું હતું. ૨૫ વર્ષથી દત્તમંદિરમાં સેવા આપનાર શ્રી નવનીતભાઇ પાઠક અને તેમના પરિવારનું સાલ ઓઢાડી સન્માન કર્યું,

હાથીજણના ભક્તો દર વર્ષે પાટોત્સવમાં ધજા લઇને આવે છે. પણ ચાલુ વર્ષે આશરે ૧૫૦ ભાઇ–બહેનો હાથીજણથી ચાલતા ધજા લઇને રથમાં ભગવાન શ્રી રંગાવધૂત મહારાજની મૂર્તિ પધરાવી ગોધરાના મુસ્લિમ બિરાદરોના “ગોધરા સૈફીગાર્ડ” બેન્ડના મ્યુઝિક સાથે દત્તમંદિર આવી ધજા ચડાવી હતી.

દરવર્ષે સમગ્ર ગાંધીનગર ધો–૧૦/૧૨ માં પ્રથમ આવનાર તથા પરિવારમાં પ્રથમ આવનાર બાળકો ઉપરાંત ધો–૧ થી ૧૨ ના, પરિવારમાં પ્રથમ અને દ્વિતીય આવનાર બાળકોને પારિતોષિકો આપવામાં આવ્યા.

અંતે ૧૦૦૧ દત્તબાવની સ્વાહાકાર પૂર્ણ થતાં મહાપ્રસાદ લઇ ભક્તો વિખરાયા હતાં.

## ત્રિમૂર્તિ દર્શન



## ગણેશ યાગ









મહેશભાઇ પાઠક બાપજીની મૂર્તિ સાથે



પ્રા. નવીનભાઇ પાઠક



ડૉ. શ્રુતિબેન ત્રિવેદી



શ્રી કુલીનભાઇ ઉપાધ્યાય



શ્રી ધીરુભાઇ જોષી





નવનીતભાઇ પાઠક સાથે પૂ.પ્રેમ બાપુજી



પૂ.પ્રેમ બાપુજીએ શ્રી નવનીતભાઇનું સાલ ઓઢાડી સન્માન કર્યું ત્યારે



ભક્તો સાથે પૂ.પ્રેમ બાપુજી









પૂ.શ્રી વિરંચીભાઇ શાસ્ત્રીજી



દત્તયાગ





રંગોળીમાં પૂ.બાપજી અને પૂ.રૂકમામ્બા





હાથીજણના પદયાત્રીઓનું સ્વાગત કરવા ગાંધીનગર પરિવારની બહેનોએ “દિગંબરા દિગંબરા....”છાપેલી અને પૂ.બાપજીની છબી વાળી સાડી પહેરી હતી






હાથીજણના પદયાત્રીઓ પૂ.બાપજી ના રથ સાથે




શ્રી અશ્વીનભાઇ કાપડીયા



બાળકોને પારિતોષિક આપી સન્માન કર્યું ત્યારે



દત્તબાવની સ્વાહાકાર ત્યારબાદ કાર્યક્રમની પૂર્ણાહૂતી

